**નોંધ :** અહીં નોંધપાત્ર ઘટના એ છે, તપગચ્છના મુનિવરો ઉપર મુજબ બે સંઘમાં વહેંચાઈ ગયા, પણ કોઈ મુનિવરો બંનેમાં ન ભળ્યા. તે પોતાને આ૦ હીરવિજયસૂરિ ગચ્છના કે આ૦ વિજયસિંહસૂરિના આજ્ઞાધારી બતાવતા હતા. અને સંવેગી શાખામાં ભળેલા સૌ વિજયદેવસૂરિ સંઘમાં રહ્યા.

એમના આ ગચ્છભેદનાં કારણો ભિન્ન ભિન્ન લાગે છે –

૧. મહો૦ ધર્મસાગર ગણિવર અને મહો૦ સોમવિજય ગણિવર વચ્ચે મનોભેદ હોય.

૨. કવિરાજ પં૦ દર્શનવિજય ગણિ અને પં૦ ભક્તિસાગર ગણિ વચ્ચે મનમુટાવ (?) હોય. (પ્રક. ૫૫, પૃ. ૩૬૦ તથા ૩૬૨થી ૩૬૪)

**૩. અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરી ઓસવાલ અને વીશા શ્રીમાલી જ્ઞાતિના શેઠ શાંતિદાસ મનિયા દોશી વચ્ચે જ્ઞાતિસંઘર્ષ હોય, અમદાવાદમાં ૧૨ વર્ષ સુધી જ્ઞાતિ ક્લેશ થયાનું ઇતિહાસ પ્રસિદ્ધ છે.***

**નોંધ :** ઓસવાલ, પોરવાડ અને શ્રીમાલીમાં ઐક્યતા બની રહે તો તે દેશ અને ધર્મને ઉન્નત બનાવે; પરંતુ તેઓમાં ક્લેશ ઊઠે તો દેશ અને ધર્મમાં પણ ક્લેશ થાય, ટૂકડા પડે.

૪. સાગરમતની તે કાળની નવી પ્રરૂપણાના ૩૬ બોલ અંગે ખેંચતાણ હોય.

૫. તપાગચ્છની ઉન્નતિને સહન નહીં કરનારાઓનો અદ્રશ્ય દોરી સંચાર વગેરે. (પ્રક. ....)

**પં૦ ભક્તિસાગર ગણિ** પોતાના સંસ્કૃત ભાષાના ગ્રંથ 'પ્રરૂપણા વિચાર'માં આ૦ વિજયતિલકસૂરિ પક્ષનાં નિર્નામિકમત (નનામો મત), ઉપધિમત (ઉપાધ્યાય મત) અને રાસભીમત એવાં નામો બતાવે છે, પરંતુ સં. ૧૬૭૬ના પોષ સુદિ ૧૩ની સવારે **આ૦ વિજયાનંદસૂરિ** પ્રસિદ્ધ નામથી થયા ત્યારથી આ ગચ્છનું નામ 'વિજયાનંદસૂરિગચ્છ' પડ્યું.

---

★ પૂર્વના પાટડ (પાડા)નો વતની ધનાઢ્ય તેનો પરિવાર તે પ્રાગ્વાટ કહેવાયો. (પ્રાગ્વાટ ઇતિ. પૃ. ૧૨, આ૦ નેમિચંદ્રનું મહાવીરચરિત્ર)

રાણી રાઉલ શૂરા સદા દેવી અંબાવી પ્રમાણ,
પોરવાટ પ્રગટ માલ મશીવન મૂકે ખાણ.

(ઉ૦ લાવણ્યસમય કૃત વિમલ પ્રબંધ)
(પ્રાગ્વાટ ઇતિહાસ, પૃ. ૨૪૫, ભૂમિકા પૃ. ૧)

તેની કુલદેવી અંબિકા જે રણદેવી માતા કહેવાય છે.

ઓસવાલ ભૂપાલ હૈ પોરવાલ વર મિત્ર
શ્રીમાળી નિર્મળ મતી જિનકે ચરિત્ર વિચિત્ર ॥૧॥

જલશરણ કરવા જેવા છે, પણ આજે હું એટલું જ કહું છું કે, ગીતાર્થ મુનિવરોની તપાસ સમિતિ બેસાડી, તેમાં આ ગ્રંથોની પ્રામાણિકતાની તપાસ કરાવીશ અને જ્યાં સુધી આ ગ્રંથોને પ્રામાણિક જાહેર ન કરું ત્યાં સુધી સૌએ આ સમસ્ત ગ્રંથોને અપ્રામાણિક માનવા.'' (શાસનદીપક મુ૦ શ્રી વિદ્યાવિજયજી, વી. નિ. સં. ૨૪૪૭ના ભા. સુ. ૮ના રોજ લખેલ ઐતિહાસિક રાસ સંગ્રહ, ભા. ૪નું નિરીક્ષણ, પૃ. ૧ થી ૩૯)

(૨૬) **માફી** : 'વીરવંશાવલી'માં ઉલ્લેખ છે કે, **ઉપા૦ નેમસાગર** ગણિવરે સં. ૧૬૭૧ના વૈશાખ સુદ ૩ ને દિવસે અમદાવાદમાં હાજાપટેલની પોળમાં ચતુર્વિધ સંઘની વચ્ચે આ૦ વિજયસેનસૂરીશ્વરની પાસે પોતાના પાંચ બોલના પટ્ટાથી વિરુદ્ધ વર્તન કર્યાનો મિચ્છામિ દુક્કડં આપ્યો.

**પ્રામાણિકતાની છાપ : પછી આ૦ વિજયસેનસૂરીશ્વરે** ૧. સર્વજ્ઞશતક, ૨. ધર્મતત્ત્વવિચાર, ૩. પ્રવચનપરીક્ષા અને ૪. ઇરિયાવહિયાકુલક વગેરે ગ્રંથોને ગચ્છના ગીતાર્થ મુનિવરોની સમ્મતિથી **પ્રામાણિક ગ્રંથો** તરીકે જાહેર કર્યા અને અમદાવાદ, ખંભાત, પાટણ, ગંધાર વગેરે સ્થાનોના સંઘ ભંડારોમાં તે તે ગ્રંથો રખાવ્યા. (વિવિધગચ્છ પટ્ટાવલી સંગ્રહ, પૃ. ૨૨૪)

(૨૭) **નવા ગચ્છનાયકો : આ૦ વિજયસેનસૂરિ** સં. ૧૬૭૨ના જેઠ વદ ૧૧ના ખંભાતના અકબરપરામાં સ્વર્ગવાસ પામ્યા. તેમની પાટે આ૦ વિજયદેવસૂરિ તપગચ્છના નાયક બન્યા. પરંતુ આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગવાસ પછી ગચ્છમાં આંતરક્લેશ વધી ગયો. તપગચ્છ અનેક વિભાગોમાં વહેંચાઈ ગયો. નવા નવા આચાર્યો બન્યા. તે આ પ્રમાણે –

૧. **આ૦ વિજયદેવસૂરિ** – તે સં. ૧૬૫૮ માં પાટણમાં આ૦ વિજયસેનસૂરિના હાથે તપગચ્છના ગચ્છનાયક બન્યા. તેમની 'વિજયસેનસૂરિ સંઘ' શ્રમણ પરંપરા ચાલી.

૨. **ભ૦ વિજયતિલકસૂરિ** – તે સં. ૧૬૭૩ના પોષ સુદિ ૧૨ ના દિવસે મધ્યાહ્નકાળે સિરોહીમાં ઉપાધ્યાયોની સમ્મતિથી આચાર્ય બન્યા. આ સમયે ત્યાં કોઈ ટંટોફિસાદ ન થાય તે માટે અમદાવાદના સૂબા મકરબખાન તરફથી ચારે તરફ પોલિસનો રક્ષણ પહેરો ગોઠવવામાં આવ્યો.

આ રીતે તપગચ્છમાં **બે આચાર્યોની બે શાખાઓ બની.**

સાધારણ વિદ્વાનો માને છે કે, આ ગચ્છભેદનું કારણ 'વિજય' અને 'સાગર'ની મમતા છે. પરંતુ આ માન્યતા સાચી નથી, કેમકે આ બંને પક્ષોમાં વિજય, સાગર, વિમલ, હર્ષ, ચંદ્ર, રત્ન વગેરે દરેક શાખાઓના મુનિવરો હતા.

તપાગચ્છને જ શુદ્ધ જૈનશાસન માનતા. તેઓ એ સમયના તપાગચ્છના નાયકો **ભ૦ વિજયદાનસૂરિ**, જ૦ ગુ૦ **આ૦ હીરવિજયસૂરિ** અને **ભ૦ વિજયસેનસૂરિ** વગેરેને પૂરા વફાદાર હતા; અને તે તે ગચ્છનાયકો પણ તેમની વિદ્વત્તાથી પ્રભાવિત હતા.

મહોપાધ્યાયજી માનતા કે, 'સાચાને સાચો કહેવો અને ખોટાને ઉખેડી નાખવો.' તેઓ આ માન્યતાને વળગી રહેનારા હતા. જો કે આવા નગ્ન સત્યથી કદાચ લાભ થાય, પણ અનેકાંત દ્રષ્ટિએ વિચારીએ તો એ લાભ ક્લેશાનુબંધી પણ બની જાય.

## ગચ્છમત સંઘર્ષ

**શાંતિના ઉપાયો :** ફલસ્વરૂપ, સત્તરમી શતાબ્દીમાં તપગચ્છમાં મોટી અશાંતિ બની રહી અને વિભિન્ન ગચ્છવાળાઓ સાથે અવાર નવાર અથડામણ ઊભી થઈ. જો કે ગચ્છનાયકોએ તે ક્લેશને હઠાવવા તથા બધા ગચ્છોની એકતા જાળવવા શાંતિભર્યા વિવિધ ઉપાયો યોજ્યા.

શાસનદીપક પ્રસિદ્ધ વક્તા મુનિરાજ **શ્રી વિદ્યાવિજયજી મ૦, આ૦ જિનવિજયજી** અને **મોતીચંદ ગિરધર કાપડિયાએ** આ બાબતો ઉપર વિવિધ રીતે પ્રકાશ પાડ્યો છે. તેના આધારે અહીં થોડુંક વિચારીએ. તેનો **ટૂંકો ઇતિહાસ** આ પ્રકારે છે.

(૧) મહો૦ ધર્મસાગરજી ગણિવરે વિ. સં. ૧૬૧૭માં ખરતરગચ્છના ઉપાધ્યાય ધનરાજગણિને આ૦ અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થયા નથી, આ અંગે **૨૧ પ્રમાણ પાઠો** આપ્યા હતા; અને ભ૦ વિજયદાનસૂરિ તથા ભ૦ હીરવિજયસૂરિને તે પાઠોની નકલ મોકલી હતી.

(૨) મહો૦ ધર્મસાગરજી ગણિવરે સં. ૧૬૧૬ના આસો સુદિ ૧૩ના દિવસે પાટણમાં **મુનિ વિમલસાગર**, મુનિ જ્ઞાનવિમલ, મુનિ જ્ઞાનસાગર અને મુનિ વિવેકવિમલ પાસે પાટણના તપાગચ્છની વૃદ્ધ પોષાળના ગ્રંથભંડારમાંથી (અથવા સીસોદિયાવાળા ઝવેરીના ખાનગી ગ્રંથભંડારમાંથી) મળી આવેલ સટીક 'ઉત્સૂત્રકન્દકુદ્દાલ' ગ્રંથની પૂરી નકલ કરાવી લીધી. જેમાં વિશ્રામ, મૂળ ગ્રં. ૪૦૦ અને ટીકા સાથે ગ્રં. ૧૯૫૨ છે.

આ ગ્રંથના વિશ્રામ ૧, શ્લોક ૨૦ ની વ્યાખ્યામાં પૂનમિયા, ખરતર, આંચલિક, આગમિક અને સાર્ધપૂનમિયા વગેરે ગચ્છોને નિહ્નવ બતાવ્યા હતા. આ ગ્રંથનું બીજું નામ 'ગુરુતત્ત્વપ્રદીપ' પણ મળે છે.★

---

★ ઉત્સૂત્રકન્દકુદ્દાલમાં કોઈ નવી નવી ઐતિહાસિક નોંધો પણ મળે છે, જેમ કે :-

(૧) શ્રીસંઘે વિ. સં. ૮૯૦માં ગિરનાર તીર્થમાં શ્વેતાંબર દિગમ્બર સંઘો ઝઘડો થવાથી, ભવિષ્યમાં ઝઘડાથી બચવા માટે, શ્વેતાંબરોએ જિનપ્રતિમાને **અંચલિકા** ☛

(૩) મહો૦ ધર્મસાગર ગણિવરે સં. ૧૬૧૭માં પાટણમાં 'ઉત્સૂત્રકન્દકુદ્દાલ' ગ્રંથના આધારે 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રોદ્‌ઘાટનકુલક' તથા તેની ટીકા નામે 'દીપિકા' અને 'સટીક–તત્ત્વતરઙ્ગિણી' એમ બે ગ્રંથો રચ્યા. 'તત્ત્વતરંગિણી'માં ઉક્ત

---

☛ (લંગોટ) બનાવી, જ્યારે દિગમ્બરોએ બેઠી પ્રતિમા તેમજ ઊભી પ્રતિમા બન્નેને સ્પષ્ટ લિંગ બનાવ્યાં.

**નોંધ :** શ્વેતાંબર દિગમ્બરોના પ્રતિમા ભેદ માટે જુઓ પ્રક. ૧૪, પૃ. ૨૬૮; પ્રક. ૩૨, પૃ. ૪૪૧; પ્રક. ૩૪, પૃ. ૪૫૩; પ્રક. ૫૩, **વીશપંથી તેરાપંથ**, પૃ. ૩૧૭થી ૩૨૧.

(૨A) કર્ણાટકમાં દિગમ્બર ભક્ત રાજા અને શ્વેતાંબર ભક્ત રાણી હતી. **શ્વેતાંબરાચાર્ય આદ્રગુપ્ત આચાર્યના શિષ્યે ''દિગમ્બરોના ષડ્‌યંત્રમાંથી બચવા માટે વસ્ત્રો** બાળી નાખ્યાં'' અને સૌને પ્રિય બની રહેવા માટે રાજાએ કાઉસગ્ગમાં ખેસ ઓઢાડ્યો હતો. તેને રાખી, તે પ્રદેશમાં રહેવા માટે **યાપનીય સંઘ** (વસ્ત્ર ત્યાગી સંઘ) સ્થાપ્યો.

(વિશ્રામ ૩જો, શ્લો. ૩૯, ૪૦ની વ્યાખ્યા)

**નોંધ :** દિગમ્બર ગ્રંથોમાં (૧) અર્ધ ફાલક કંબલીસંઘથી અથવા (૨) શ્વે૦ આ૦ **શ્રી કળશથી** સં. ૨૦૫માં કલ્યાણીમાં **યાપનીય** સંઘની ઉત્પત્તિ બતાવી છે.

(જુઓ પ્રક. ૧૪, પૃ. ૨૭૦)

(૨B) નવકારમાં છેલ્લું ''પઢમં હવઈ મંગલં'' એવો ચુલિકા પાઠ છે. એમ કુલ ૬૮ અક્ષર થાય.

(૩) **દેવદ્રવ્ય ભોગી** ચૈત્યવાસી નિહ્નવ છે. તે ચૈત્યના માલિક હોવાથી સંઘે તેને સંઘબાહ્ય કર્યા નહીં. 'ચૈત્યનિવાસ'નો સંવત ૪૧૨ (વીર સં. ૮૮૨) અને સુવિહિત વસતિવાલા પોષાળવાસી સુવિહિતનો સં. ૧૦૦૮ જાણવો. ચૈત્યવાસીએ સુવિહિત પાસે ઉપસ્થાપના લઈ સં. ૧૦૦૮માં **શુદ્ધમાર્ગ** ચલાવ્યો.

(વિશ્રામ ૩, શ્લો. ૧૬ થી ૧૮ની વ્યાખ્યા)

**નોંધ :** વીર નિર્વાણ સં. ૮૮૨માં ચૈત્યસ્થિતિ થઈ હતી.

(જુઓ પ્રક. ૨૩, પૃ. ૩૩૦)

આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગરના ઉપદેશથી સં. ૧૦૮૦માં પાટણમાં ઉપાશ્રય બન્યો. (પ્રક. ૩૫, પૃ. ૫૮; પ્રક. ૩૬, પૃ. ૧૬૭; પ્રક. ૫૩, પૃ. ૨૭૮-૨૭૯; ઋ૦ હેમસાગરનું 'ચર્ચાશતક' ગ્રંથ ૩૯૭)

(૪) ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ અને ગૂર્જરેશ્વર રાજા કુમારપાલે પૂનમિયા ગચ્છવાળાને દેશનિકાલ આપ્યો. (વિશ્રામ ૪, શ્લોક ૫)

**નોંધ :** પૂનમિયા મત માટે જુઓ પ્રક. ૪૦, પૃ. ૩૯૦ તથા ૪૦૮.

(૫) **શુદ્ધ ચારિત્ર** તપગચ્છમાં આ૦ ક્ષેમકીર્તિસૂરિ વગેરેમાં વર્તે છે.

(વિશ્રામ ૮, શ્લો. ૧૩થી ૧૬)

**નોંધ :** તપગચ્છની વૃદ્ધ પોષાળમાં ૪૬મા **આ૦ ક્ષેમકીર્તિસૂરિએ** સં. ૧૩૩૨ના જેઠ સુદિ ૧૦ના રોજ બૃહત્‌કલ્પ ભાષ્યની ટીકા (ગ્રં. ૪૨૬૦૦૦) રચી હતી.

(જુઓ પ્રક. ૪૪, પૃ. ૧૧)

ગ્રંથોના આધારે 'સભ્યાશઙ્કાનિરાકરણવાદ' નામનો વિભાગ નવો બનાવીને જોડ્યો. આ ત્રણે ગ્રંથો પ્રકાશમાં આવતાં વિભિન્ન ગચ્છોમાં ખળભળાટ જન્મ્યો.

(૪) ભ૦ વિજયદાનસૂરિએ સં. ૧૬૧૯ માગસર સુ. ૧થી સુ. ૧૪ના દિવસોમાં ચાર સંઘનું એકમ જોખમાય નહીં, એ ઉદ્દેશથી પોતાના મુનિઓનું સંમેલન ભરી તે 'ઉત્સૂત્રકન્દકુદ્દાલ' ગ્રંથને **અપ્રામાણિક** ઠરાવ્યો અને જાહેર કર્યું કે, ''તેને તથા તેના અવતરણ પાઠોને સાચા માનવા નહીં.''

મહો૦ ધર્મસાગરજી ગણિવરે તે આજ્ઞા સ્વીકારી, જે થયું હતું તેનો 'મિચ્છામિ દુક્કડં' લખી આપ્યો. આચાર્યશ્રીએ સંઘને **સાત બોલનો પટ્ટો** લખી આપ્યો. તેમાં વિદ્યમાન બધા ગીતાર્થોએ પોતપોતાનાં મતાં આપ્યાં.

(કવિ ઋષભદાસ કૃત બાર બોલનો રાસ; મહો૦ ભાવવિજયગણિ કૃત ષટ્ત્રિંશજ્જલ્પ વિચાર)

(૫) મહો૦ ધર્મસાગરજી ગણિવરે પોતાની નવી પ્રરૂપણા ચાલુ રાખી અને અમદાવાદના **ગલા મહેતાનો** તેમને ટેકો મળ્યો. પછી ઉપા૦ રાજવિમલગણિ અમદાવાદ પધાર્યા. ગલા મહેતાએ તેમને મહો૦ ધર્મસાગરજીની નવી પ્રરૂપણામાં સમ્મત ન થવાથી ત્રાસ આપ્યો.

(૬) ભ૦ **વિજયદાનસૂરિએ** સં. ૧૬૧૯-૨૦માં રાધનપુરમાં ઉપરની હકીકત જાણી મહો૦ ધર્મસાગરજીને સપરિવાર **ગચ્છ બહાર** મૂક્યા.

(૭) **લેખિત માફી :** મહો૦ ધર્મસાગરજી ગણિવરે **મહો૦ સકલચંદ્ર ગણિવરના** સમજાવવાથી રાધનપુર જઈ ભ૦ વિજયદાનસૂરિને ચતુર્વિધ સંઘની વચ્ચે પોતાની નવી પ્રરૂપણા માટે 'મિચ્છામિ દુક્કડં' લખી આપ્યો. તેમાં આ૦ હીરવિજયસૂરિ, મહો૦ સકલચંદ્રગણિ, મહો૦ ધર્મસાગરગણિ, ઉપા૦ વિજયહંસગણિ, પં૦ રૂપજી ગણિ, પં૦ કુશલહર્ષ, પં૦ શ્રીકરણ, પં૦ વાનરઋષિ, પં૦ સૂરચંદ્ર, હાપા ગણિ (પં૦ હાનર્ષિ ગણિ), પં૦ સહજકુશલ, મુનિ વિમલદાનજી, પં૦ સંયમહર્ષ વગેરે આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, મુનિ ગીતાર્થોનાં મતાં થયાં. ઉપરાંત, ભ૦ વિજયદાનસૂરિએ 'ઉત્સૂત્રકન્દકુદ્દાલ' અને 'તત્ત્વતરંગિણી' ગ્રંથને **પં૦ સૂરચંદ્રગણિ** પાસે પાણીમાં બોળાવ્યા અને મહો૦ ધર્મસાગરગણિને પરિવાર સહિત ગચ્છમાં દાખલ કર્યા.*

---

* ભ૦શ્રી વિજયદાનસૂરિએ સં. ૧૬૧૯-૨૦માં '**तत्त्वतरंगिणी**'ને ક્લેશજનક માની અપ્રમાણિક જાહેર કર્યો. તે પછી જૈન શ્રમણસંઘમાં તિથિચર્ચાના ઘણા પ્રસંગો ઉઠ્યા; પણ કોઈએ, કોઈ પણ ચર્ચામાં કે ચર્ચાપત્રમાં અપ્રમાણિક હોવાના કારણે 'तत्त्वतरंगिणी'નો હવાલો આપ્યો નથી. જે ભ૦ વિજયદાનસૂરિને પૂજ્ય માનતા હોય તે સૌ વિવેકીએ સમજવું જોઈએ કે, ક્લેશજનની 'तत्त्वतरंगिणी'ના આધારે નવી તિથિવ્યવસ્થા કરવા પ્રયત્ન કરવો તે સંઘને માટે હાનિકારક પ્રવૃત્તિ છે.

(૮) મહો૦ ધર્મસાગર ગણિવરે ગચ્છનાયકની આજ્ઞાથી ચતુર્વિધ જૈન સંઘ તથા પોતાના ભક્તોને તેરવાડાથી એક પત્ર લખી જણાવ્યું કે, ''મેં નિહ્નવો તથા પર્વોની નવી પ્રરૂપણા બાબત મિચ્છામિ દુક્કડં આપ્યો છે, તો કોઈએ નવી પ્રરૂપણા કરવી નહીં. જેણે તેની શ્રદ્ધા કરી હોય તે 'મિચ્છામિ દુક્કડં' દેજો.''

તે **પત્ર** આ પ્રકારે મનાય છે : ૧. મહો૦ ધર્મસાગરગણિએ આ ગ્રંથની પ્રરૂપણા કરી હતી, તેમજ 'તત્ત્વતરંગિણી' ગ્રંથ બનાવ્યો હતો, તેમાં ઇતર ગચ્છોની કડક સમાલોચના કરી હતી. ભ૦ વિજયદાનસૂરિ અને આ૦ હીર-વિજયસૂરિએ તે ગ્રંથોને જલશરણ કરાવ્યા અને ઉપાધ્યાયજીએ પણ તે પ્રરૂપણા માટે મિચ્છામિ દુક્કડં આપ્યો. જેનો લેખ આ પ્રકારે છે –

''स्वस्ति श्रीशान्तिजिनं प्रणम्य । तिरवाडानगरतः परमगुरु श्री विजय(दान)सूरि सेवी उ० धर्मसागरगणि लिखति समस्तनगरं साधु-साध्वी-श्रावक-श्राविकायोग्यम् । आज पछी अमे पांच निह्नव न कहउ । पांच निह्नव कह्या हुइ ते मिच्छामि दुक्कडं । उत्सूत्रकंदकुद्दाल ग्रंथ न सद्दहउं, पूर्वइ सद्दह्यक हुइ ते मिच्छामि दुक्कडं । षट्पर्वी आश्री जीम श्री पूज्य आसि (आदेश) देइ छइ ते प्रमाण ।।ठ।। सात बोल जीम भगवान आसि द्यइ छइ ते प्रमाण । चतुर्विध संघनी आसातना कीधी हुइ ते मिच्छामि दुक्कडं । आज पछी पांच चैत्य वांदवा । तिरवाडामांहि श्रीपूज्य परमगुरु श्री विजय-दानसूरिनइ मिच्छामि दुक्कडं दीधउ छइ संघ समक्ष ए बोल आश्री जीणइ खोटो सद्दह्यक हुबइ ते मिच्छामि दुक्कडं देज्यो ।।ठ।।

(જૈનયુગ, વર્ષ : ૫, પૃ. ૪૩૮; પટ્ટા. સમુ., ભા. ૨, પુરવણી પૃ. ૨૫૭)

૨. **મહો૦ સુમતિવિજય ગણિના** શિષ્ય (પં૦ કનકવિજય ગણિના શિષ્ય) **પં૦ સિંહવિજય ગણિ** લખે છે કે –

પહિલુ ધર્મરુચિ ઉ૦ ધર્મસાગર, ગ્રંથ કરિઉ એક મોટો;
ચુરાસી ગચ્છ તેહમાં નંધા, **તત્ત્વતરંગિણી** ખોટો. ૨૨
**ગાલા વણાયગ** આદિ શ્રાવક, સબલ સખાયત કીધા;
શ્રી વિજયદાનસૂરિ સંઘાતિં, ફિરી ફિરી ઝગડા કીધા. ૨૩
સુણ્યા સુરઈ ન પોતઈ સાગર, રાંકતણી પરિ રોળ્યા;
કુમતિકુદ્દાલ ને તત્વતરંગિણી, સંઘિ પાણીમાંહિ બોળ્યા. ૨૪
એ ઓગણિસઈ પ્રથમ પ્રવાડો, પગે લાગી નઈ પઈઠા;
ભદ્દ્દુઆ મત માંડિઉ છઈ તાલઈ, આપ રૂષિં થઈ બઈઠા. ૨૫
મિચ્છામિ દુક્કડં ખમી ખમાવી ચરણ હીરનઈ લાગો. ૨૭

(સં. ૧૬૭૪ દિવાળી દિને 'સાગરબાવની'; પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પુરવણી પૃ. ૨૫૭-૫૮)

(૯) મહો૦ ધર્મસાગર ગણિવરે સં. ૧૬૨૯માં ઉત્સૂત્રકંદકુદ્દાલના અવતરણ જેવો કુપક્ષકૌશિકસહસ્રકિરણ ગ્રંથ, તેની ટીકા તથા ઇરિયાષટ્ત્રિંશિકા–સટીક ગ્રંથો રચ્યા. આ૦ હીરવિજયસૂરિએ કુપક્ષકૌશિકસહસ્રકિરણ ગ્રંથ ગીતાર્થો પાસે તપાસરાવી તેનું નામ પ્રવચનપરીક્ષા રાખ્યું. આ ગ્રંથ બન્યા પછી વિવિધ ગચ્છોમાં ફરીવાર સંઘર્ષ શરૂ થયો. ખરતરગચ્છવાળાએ બા૦ અકબરની રાજસભામાં પ્રવચનપરીક્ષા ગ્રંથ બતાવી જણાવ્યું હતું કે, 'તપાવાળા અમારી સાથે ઝગડો કરે છે.' (યુગપ્રધાન જિનચંદ્રસૂરિ પરિશિષ્ટ ચ, પૃ. ૩૦૫; પ્રક. ૫૮, ફરમાન બીજું)

(૧૦) **શાસ્ત્રાર્થ :** ખરતરગચ્છવાળાઓએ સં. ૧૬૪૨માં પાટણની રાજસભામાં આ૦ વિજયસેનસૂરિ સાથે 'પ્રવચનપરીક્ષા' બાબત શાસ્ત્રાર્થ માંડ્યો. એ શાસ્ત્રાર્થ ૧૪ દિવસ ચાલ્યો. આ૦ વિજયસેનસૂરિએ તેમાં જય પ્રાપ્ત કર્યો. (વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ : ૧૦, શ્લો. ૪)

(૧૧) ખરતરગચ્છવાળાઓએ સં. ૧૬૪૨માં પાટણમાં હાર થયા પછી વચ્છરાજ **કલ્યાણરાજની** મદદથી અમદાવાદમાં મોટા મોટા ઉમરાવો તથા મોટા તાર્કિકોથી ભરેલી સૂબા ખાન–ખાનાની રાજસભામાં પ્રવચનપરીક્ષા અંગે ફરીવાર શાસ્ત્રાર્થ માંડ્યો. તેમાં પણ આ૦ વિજયસેનસૂરિના શિષ્યો જીત્યા. આચાર્યના શિષ્યોએ હાજર રહેલા કલ્યાણરાજ, પંડિતો, સૂબાઓ, ઉમરાવો તથા ખરતરગચ્છના સર્વ શ્રાવકોનો વિભ્રમ ભાંગ્યો. શ્રાવકોએ આ શિષ્યોને સૂબાના ગાજાવાજાથી બહુમાન કરી ઉપાશ્રયમાં પધરાવ્યા.

(વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ–૧૦, શ્લો. ૫ થી ૧૦)

(૧૨) વચ્છરાજ કલ્યાણરાજે ખરતરગચ્છનો પક્ષ કરી, ખંભાતમાં નવાબને ચડાવી તપગચ્છના જૈનો વગેરેને ઘણો ત્રાસ અપાવ્યો. જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ મહો૦ શાંતિચંદ્ર ગણિવર મારફત આ ખબર બા૦ અકબરને પહોંચાડ્યા અને આ ત્રાસનો ઉપાય કરાવ્યો.

(૧૩) જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિવરે ગૂજરાતમાં આવી સં. ૧૬૪૬ ના પોષ સુદિ ૧ ને શુક્રવારે પાટણમાં તપગચ્છનો ચતુર્વિધ સંઘ એકઠો કર્યો અને જૈન સંઘની એકતા ખાતર ૧૨ બોલનો નવો પટ્ટો બનાવી, બધે સ્થળે મોકલ્યો.

**આ ૧૨ બોલનો પટ્ટક (સાર) નીચે પ્રમાણે હતો –**

૧. કોઈએ પરપક્ષીને કઠોર વચન કહેવું નહીં.

૨. પરપક્ષીના માર્ગાનુસારી ગુણો અનુમોદવા યોગ્ય છે.*

---

★ આજે જૈનોમાં તપાગચ્છ દરિયાવદિલનો ગચ્છ છે. મિથ્યાશ્રુતને સમ્યક્શ્રુત બનાવી શકે છે. તપાગચ્છના મુનિવરો છએ દર્શનો તેમજ સર્વ વિરોધી ગચ્છના ☛

૩. શાસ્ત્રવિરુદ્ધ અને પરંપરા વિરુદ્ધ પ્રરૂપણા કરનારા ઠપકાને પાત્ર થશે.
૪. દિગંબરની પ્રતિમા, શ્રાવકે પ્રતિષ્ઠા કરેલી જિનપ્રતિમા તથા દ્રવ્યલિંગીના દ્રવ્યથી બનેલ પ્રતિમા સિવાયની સર્વ જિનપ્રતિમાઓ વાંદવા–પૂજવા યોગ્ય છે, તેમાં અચકાવું નહીં.
૫. ઉપર નિષેધ કરેલી જિનપ્રતિમાઓ પણ સ્વપક્ષને ત્યાં હોય તો વંદનીય છે. ચારિત્રધારીએ વાસક્ષેપ કરેલ સર્વ જાતની જિનપ્રતિમા વંદનીય છે.
૬. શાસ્ત્રોમાં સાધુની પ્રતિષ્ઠા કહેલી છે. બીજા ગચ્છવાળા સાધુ છ દર્શન પૈકી જૈન દર્શનના જ સાધુ છે, તો તેનો સ્થાપનાનિક્ષેપો પણ જૈન સાધુના જ મનાય.
૭. સ્વામીવાત્સલ્યમાં પરપક્ષી આવીને જમે તો સ્વામીવાત્સલ્યનું ફળ નાશ પામતું નથી.
૮. શાસ્ત્રમાં **નિહ્નવો** ૭(૯) બતાવ્યા છે, તે સિવાયના બીજાઓને નિહ્નવ કહેવાથી સમ્યક્ત્વ રહે નહીં.
૯. પરપક્ષીઓ સાથે કરેલી તીર્થયાત્રાનું ફળ નકામું જતું નથી.
૧૦. પરપક્ષી સાથે ઉદેરીને (ઉદ્દેશીને) ચર્ચા કરવી નહીં. સામી વ્યક્તિ ઉદેરીને ચર્ચા કરે તો તેને શાસ્ત્રાધારોથી શાંતિપૂર્વક જવાબ દેવો. ક્લેશ વધે તેમ કરવું નહીં.
૧૧. આ૦ વિજયદાનસૂરિએ 'કુમતિકુદ્દાલ' ગ્રંથને ચતુર્વિધસંઘની વચ્ચે જળશરણ કરાવી, અપ્રમાણ ઠરાવ્યો. તે ગ્રંથનું એક વચન પણ જેમાં હોય તે ગ્રંથને પણ **અપ્રમાણ** માનવો.
૧૨. પરપક્ષનાં અવિરોધી સ્તવન, સ્તુતિ વગેરે બોલવાં, કેમકે જિનસ્તુતિ કરનારા સુકૃત પિંડને ભરે છે.

આ બાર બોલોનો પટ્ટ ગીતાર્થોએ ત્રણ ચોમાસી અને પર્યુષણપર્વમાં સર્વસ્થળે વાંચવાનું નક્કી કર્યું.

આ બાર બોલના પટ્ટની નીચે આ મુનિસમ્મેલનમાં હાજર રહેલા સર્વ ગીતાર્થો અને મુનિવરોના હસ્તાક્ષર કરવામાં આવ્યા. તે આ પ્રમાણે –

આ૦ વિજયસેનસૂરિ, **ઉ૦ ધર્મસાગરગણિ**, ઉ૦ વિમલહર્ષગણિ, ઉ૦ શાંતિચંદ્રગણિ, ઉ૦ કલ્યાણવિજયગણિ, ઉ૦ કમલવિજયગણિ, ઉ૦ સોમવિજયગણિ, પં૦ સહજસાગર, પં૦ કાનર્ષિગણિ (પં૦ કલ્યાણકુશલ) વગેરે. (પ્રક. ....)

---

☛ સાહિત્યને ભણે–ભણાવે છે, પોતાના ગ્રંથભંડારોમાં સુરક્ષિત રાખે છે, છપાવી પ્રકાશિત કરે છે. આ ગચ્છની આ વિશાળતા છે. બીજા ગચ્છમાં આવી ઉદારતા દેખાતી નથી.

નોંધપાત્ર બીના એ છે કે, મહો૦ ધર્મસાગર ગણિવરે પણ તપગચ્છના એકમને મનમાં વસાવી અને ગણધરની ગાદીએ બેઠેલા ગચ્છનાયકોના બહુમાન ખાતર અતિ નમ્રભાવે આ પટ્ટમાં હસ્તાક્ષર આપ્યા હતા. તેમજ **પં૦ સહજસાગર ગણિએ** (જે સં. ૧૬૮૬માં આ૦ રાજસાગરસૂરિના ઉપાધ્યાય બન્યા હતા તથા ૬ સંવેગી સાગર મુનિશાખાના આદ્ય મુનિવર હતા તેમણે) પણ આ પટ્ટમાં હસ્તાક્ષર આપ્યા હતા.

**આ૦ હીરવિજયસૂરિ** – આ પ્રતાપી આચાર્યની અસર આખી સદી પર થઈ છે. તેમણે સાધુઓના શિસ્ત માટે ખૂબ વિચારો કર્યા જણાય છે. મહો૦ ધર્મસાગરજી જેવી પ્રબલ વ્યક્તિને પણ અંકુશમાં રાખી શકાય છે, એ તેમનું આત્મતેજ બતાવે છે. (શ્રીયુત્ મોતિચંદ ગિરધર કાપડિયાની 'શાંતસુધારસ ભાવના'ના ગુજરાતી ભાષાંતરની સં. ૧૯૯૪ના પોષમાં લખેલ અવલોકન પ્રસ્તાવના, પૃ. ૫૦)

(૧૪) **મહો૦ ધર્મસાગર ગણિવરે** અમદાવાદ જઈ બાર બોલોના પટ્ટાનો 'ભંગ' કર્યો. તેમને ભદ્દુઆ વગેરે શ્રાવકોનો ટેકો હતો.

ભદુઆ શ્રાવકે તેમાં આગેવાની લીધી. તેની સાથે બાવન શ્રાવકો હતા. આથી આ નવી પ્રરૂપણા 'ભદ્દુઆનો મત' તરીકે પણ વિખ્યાત થઈ.

(૧૫) **મહો૦ શાંતિચંદ્ર ગણિવર** ત્યારે ગચ્છનાયકની આજ્ઞાથી અમદાવાદ પધાર્યા. તેમણે સંઘમાં ઉપદેશ આપી એવું વાતાવરણ પ્રકટાવ્યું કે કદાચ અમદાવાદનો જૈન સંઘ ભદ્દુઆ વગેરે બાવન જૈનોને સંઘ બહાર મૂકી દે.

(૧૬) **પાંચ બોલ** : મહો૦ ધર્મસાગર ગણિવરે સં. ૧૬૪૮–૪૯ના પોષ સુદિ ૧૫ ને રવિવારે પુષ્યાર્કયોગમાં, અમદાવાદમાં, સ્વગચ્છના ગીતાર્થોના માન ખાતર, આ૦ હીરવિજયસૂરિ પાસે 'પાંચ બોલ'નો મિચ્છામિ દુક્કડં આપ્યો, તે આ પ્રમાણે –

૧. મરીચિએ કપિલને કહેલા વચન બાબત.
૨. ઉત્સૂત્રના ૧૫ ભવો બાબત.
૩. ઉત્સૂત્રીના સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા **ભવો** બાબત.
૪. બાર બોલના પટ્ટાથી વિરુદ્ધની પ્રરૂપણા બાબત.
૫. સૂત્ર વિરુદ્ધ, પરંપરા વિરુદ્ધ પ્રરૂપણા બાબત.

આ પ્રમાણે સમજૂતી થવાથી અમદાવાદમાં ભદ્દુઆ શ્રાવક વગેરે બાવન જૈનોને સંઘબહાર મૂકવાની વાત ઊડી ગઈ અને ક્લેશ શમી ગયો.

(૧૭) **મહો૦ ધર્મસાગર ગણિવરે** સં. ૧૬૪૮માં અમદાવાદમાં 'સટીક તપાગચ્છ પટ્ટાવલી' રચી, જેને આ૦ હીરવિજયસૂરિએ સં. ૧૬૪૮ના ચૈત્ર વદ

૬ ના રોજ અમદાવાદમાં ઉ૦ **વિમલહર્ષ**, ઉ૦ કલ્યાણવિજય, ઉ૦ સોમવિજય, **પં૦ લબ્ધિસાગર** વગેરે ગીતાર્થોની **તપાસ સમિતિ** બેસાડી, તેની પાસે 'દુઃષમ સંઘ સ્તોત્ર, જીર્ણપટ્ટાવલી, આચાર્યગુર્વાવલી' વગેરેના આધારે તપાસ કરાવી તેને **પ્રમાણિક** ઠરાવી, તેનો પ્રચાર કરવાની આજ્ઞા આપી.

(૧૮) **નવી પ્રરૂપણાનો ગ્રંથ :** મહો૦ ધર્મસાગર ગણિવરે સં. ૧૬૫૦માં 'સર્વજ્ઞશતક' બનાવ્યું. તેમાં ઘણા ગ્રંથોના આધારો આપી તેની 'ટીકા' પણ રચી. તેમણે આ ગ્રંથોમાં **નવી પ્રરૂપણાને** પ્રધાનતા આપી.

(૧૯) આ૦ હીરવિજયસૂરિએ સં. ૧૬૫૨ ભાદરવા સુદિ ૧૧ ના ઉના નગરમાં સ્વર્ગવાસ કર્યો. તેમની પાટે ગચ્છના નાયક **આ૦ વિજયસેનસૂરિ** થયા.

મહો૦ ધર્મસાગર ગણિવરે પણ સં. ૧૬૫૩–૫૪ના કાર્તિક સુદિ ૯ ના સુરતમાં મૂત્રકૃચ્છ્રના રોગથી સ્વર્ગગમન કર્યું.

ભ૦ **વિજયસેનસૂરીશ્વરે** સં. ૧૬૫૩–૫૪ માં મહા સુદિ ૫ ના અમદાવાદમાં તેમના વિદ્વાન શિષ્ય પં૦ લબ્ધિસાગરગણિને ઉપાધ્યાયપદ આપ્યું. તેઓએ ૧૮ મહિના ઉપાધ્યાયપદે રહી સ્વર્ગગમન કર્યું.

**નવી પ્રરૂપણા :** આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૬૫માં ઉ૦ લબ્ધિસાગર ગણિના વિદ્વાન શિષ્ય **પં૦ નેમિસાગર ગણિને** 'ઉપાધ્યાય' બનાવ્યા, જેમ મહો૦ ધર્મસાગર ગણિવર તપગચ્છના નાયકો પ્રત્યે અત્યંત રાગી હતા તેમ ઉ૦ નેમિસાગરગણિ તથા ભક્તિસાગરગણિ મહો૦ ધર્મસાગર ગણિવર પ્રત્યે અત્યંત રાગી હતા. તેઓને 'સાગરમત'ની નવી પ્રરૂપણામાં વધુ રસ હતો. આથી તેઓએ સાગરમતની નવી પ્રરૂપણાને વ્યવસ્થિત રૂપ આપવા ૩૬ **બોલ** બનાવી, તેનું વિવરણ લખી તેના આલાવારૂપે નવાં પાનાંઓ લખાવી તૈયાર કરાવ્યાં અને ૩ ચોમાસામાં તથા પજુસણમાં બાર બોલના પટ્ટને બદલે ૩૬ પ્રરૂપણાના આલાવાનાં પાનાં વાંચવાનું ચાલુ કર્યું.

'સર્વજ્ઞશતક'માં ખરતરગચ્છવાળા પ્રત્યે જે આક્ષેપો કર્યા હતા તે કોઈ કોઈ અંશે સ્વગચ્છ નાયકોને પણ લાગુ પડતા મનાયા હતા. આ પાનાંઓનો પ્રચાર થતાં તપગચ્છના આંતર ક્લેશમાં ઘી હોમાયું. આ માટે ઉલ્લેખ મળે છે કે –

सूत्रम्–आगम-व्यवहारिवचनानुयायिनमुत्सूत्रकन्दकुद्दालग्रन्थकर्तारंहीलयन्तोऽर्हदादी-नामाशातनया परित्यक्तसम्यक्त्वा इति वयं वदामः । (બોલ : ૨૯મો)

હીર જેસિંગને મિથ્યાત્વી કહ્યા, તો સાગર ગચ્છ બહાર રહ્યા. કડી : ૧૦૧૮.
(વિજયતિલકસૂરિ રાસ, અધિ. ૨, પૃ. ૮૬)

(૨૦) જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના **મહો૦ સુમતિવિજય ગણિવરના**

શિષ્ય પં૦ કનકવિજયગણિ તથા બીજા શિષ્ય કવિ **પં૦ સિંહવિજયગણિ** આ ગચ્છનાયક (આ૦ વિજયસેનસૂરિ)ની આજ્ઞાથી **સુરતમાં** ચોમાસું પધાર્યા. તેઓ બાર બોલનો પટ્ટ વાંચવા બેઠા ત્યારે સુરતના નવી પ્રરૂપણાના પ્રેમી **સૂરા વહોરાએ** ત્યાં આવીને, તેમને વાંચવા દીધા નહીં ને મોટો વિરોધ કર્યો.

બીજી સાલ **મહો૦ કલ્યાણવિજય ગણિવર** ગચ્છનાયકની આજ્ઞાથી સુરત ચોમાસું પધાર્યા. **સૂરા વહોરાએ** તેમનું પણ અપમાન કર્યું અને પોતે જ બાર બોલના પટ્ટાને બદલે નવી ચર્ચાના આલાવાનાં પાનાં વાંચવા શરૂ કર્યાં. મહો૦ કલ્યાણવિજય ગણિવરે સુરતના સંઘના આગેવાનોને ઉપદેશ આપી, સમજાવી, પોતાના બનાવી લીધા.

**(૨૧) પાંચ બોલનો પટ્ટો :** પછી તો **આ૦ વિજયસેનસૂરિએ** સં. ૧૬૬૭ના માગસર વદ ૪ ને શનિવારે પાટણથી પાંચ બોલનો નવો પટ્ટો બનાવી સઘળે સ્થાને મોકલ્યો. તે પાંચ બોલનો પટ્ટો આ પ્રકારે હતો –

૧. સૌએ બાર બોલના પટ્ટા ઉપર શ્રદ્ધા રાખવી.
૨. ગીતાર્થોએ ચોમાસામાં તથા પજુસણમાં સંઘની સભામાં ૧૨ બોલનો પટ્ટ જરૂર વાંચવો–વંચાવવો.
૩. તથા 'પ્રશ્નોત્તરસમુચ્ચય અને હીરપ્રશ્ન' ગ્રંથો પણ અવશ્ય વાંચવા. કોઈએ આ ત્રણ ગ્રંથો વાંચવાનો વિરોધ કરવો નહીં.
૪. કોઈએ આ ત્રણ ગ્રંથ સિવાયનાં છૂટાં ચર્ચાપત્રો, આલાવાઓ વગેરે વ્યાખ્યાનમાં વાંચવા નહીં, વંચાવવા નહીં.
૫. સૌએ બાર બોલના પટ્ટકની આજ્ઞા મુજબ માર્ગાનુસારીપણે વર્તવું.★

આ૦ વિજયસેનસૂરીશ્વરે સુરતના સંઘ ઉપર ઉપરનો પાંચ બોલનો પટ્ટક મોકલ્યો; અને તેની સાથે સંઘને સલાહ આપતો ભલામણ પત્ર જોડી તેમાં લખી જણાવ્યું કે –

---

★ "उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ? द्रष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधेः ॥"
એનો ભાવાનુવાદ કરતાં શ્રી આનંદઘનજીએ કહ્યું છે –
"જિનવરમાં સઘલાં દરશન છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે."
તીર્થંકર ભગવાનના અનુસારે જ્યાં જ્યાં જે સુંદર હોય તેને સારૂં કહેવું.
નવી પ્રરૂપણાના ૩૬ બોલમાંના ૩૩ મા બોલમાં આ વચનને અસંગત હોવાનું કહ્યું છે.
सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु स्फुरन्ति याः काश्चन सूक्तिसंपदः ।
तवैव ताः पूर्वमहार्णवोत्थिता जगत्प्रमाणं जिनवाक्यविपुषः ॥
(આ૦ સિદ્ધસેન દિવાકર કૃત ભગવત્સ્તુતિ)

'**સૂરો વહોરો** સુરતમાં નવી પ્રરૂપણા કરે છે ને મહો૦ કલ્યાણવિજય ગણિવર વગેરેનું અપમાન કરે છે. આ હકીકત બની તેથી અમને ઘણું દુઃખ થયું છે. હવે સુરત સંઘની ફરજ છે કે, તમે સૂરા વહોરાને સમજાવો અને તે મહો૦ કલ્યાણવિજય ગણિના ચરણોમાં પડી મિચ્છામિ દુક્કડં આપે. મહો૦ કલ્યાણવિજયનો અમને એ પ્રમાણે કર્યાનો સ્પષ્ટ પત્ર આવશે તો જ અમને સંતોષ થશે. પણ જો તમે એ પ્રમાણે ન કરી શકો તો અમારે જૈનશાસનની મર્યાદાના રક્ષણ માટે ઉપાય કરવો પડશે.

'મહો૦ કલ્યાણવિજયજી ગણિવર વગેરે મુનિવરો સૂરા વહોરાના ઘરનાં આહારપાણી લેવાં બંધ કરે. સાથોસાથ એ પણ ચોક્કસ માનજો કે, અમે પણ અમારા સાધુને સુરત ચોમાસુ મોકલવાનું બંધ કરીશું.

'તમે એ પ્રમાણે વ્યવસ્થા કરી શકો તો પત્રથી જણાવજો.'

આ પત્ર મળતાં જ સુરતના સંઘે ગચ્છનાયકની આજ્ઞા મુજબ સર્વ વ્યવસ્થા કરી અને પત્ર લખ્યો. તેમાં સાથોસાથ ગચ્છનાયકને વિનંતી કરી કે, 'આપે સુરત પધારી અમારા ઉપર ઉપકાર કરવો.'

(૨૨) આ૦ વિજયસેનસૂરિ સુરત પધાર્યા. અહીં ચોમાસુ કરી ખંભાત થઈ યાત્રા માટે **સોરઠ** પધાર્યા. ત્યાં ૪ વર્ષ સુધી વિચરી શંખેશ્વર તીર્થ થઈ **પાટણ** પધાર્યા. વીરવંશાવલીના આધારે જાણવા મળે છે કે, **મહો૦ સોમવિજય** ગણિવરે સં. ૧૬૬૯–૭૦માં પાટણમાં ગચ્છનાયક સાથે સાગરમતને આશ્રયીને મોટો મતભેદ ઊભો કર્યો. (વિવિધગચ્છીય પટ્ટાવલી, પૃ. ૨૨૪)

એક એવો પણ ઉલ્લેખ મળે છે કે, મહો૦ સોમવિજય ગણિવર સં. ૧૬૬૯માં પાટણથી વિહાર કરી સીધા મારવાડમાં ગયા.*

---

★ **મહો૦ સોમવિજય ગણિવર** અને **મહો૦ કીર્તિવિજય ગણિવર** આ બંને વીરમગામના ગૂજરાતના બાદશાહના વજીર **વીરજી મલિક પોરવાડના** (વંશજ) હતા તથા બાદશાહના માનીતા મંત્રી મલિક **સહસ્રકિરણ** પોરવાડના પુત્રો હતા, બંને ભાઈઓ હતા. બંને જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના **શિષ્યો** હતા. બંને ગુરુભાઈઓ હતા. મહો૦ કીર્તિવિજય ગણિવર મહો૦ સોમવિજયજી ગણિવરનો પરિચય આ રીતે આપે છે –

बिद्वल्लोचनसोमसोमविजयो यस्यान्तिषत्कुञ्जरो,
मन्त्री सौकृतकृत्यमन्त्रविषये मित्रं मनःप्रीणने ।

मञ्जूषा समयार्थसार्थनिकरे भूषा स्वकीयान्वये,
मान्यो मानविमानिमानवजितः श्रीवाचकः सोऽभवत् ॥१५

श्रीमद्वीरपरम्परासुरलतां सन्तापितां सागरैः
क्षारोर्मिप्रकरानुकारि वचने र्व्यालोक्य येनामुना ।

બનવાજોગ છે કે, મહો૦ સોમવિજય ગણિવર પં૦ રામવિજયગણિ અને પં૦ કમલવિજયગણિને પોતાની સાથે મારવાડ લઈ ગયા હોય !

(૨૩) આ૦ **વિજયસેનસૂરીશ્વર** પાટણથી અમદાવાદ પધાર્યા. તેમણે સર્વ પ્રથમ અમદાવાદમાં જ્ઞાતિભેદનો ક્લેશ હતો તે મટાડ્યો.

(વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ : ૪૧, શ્લો. ૩૯–૪૦)

**ચતુર્વિધ સંઘ–સંમેલન** : તે પછી આ૦ વિજયદેવસૂરિ વગેરે સાધુઓ અમદાવાદ આવ્યા. સુરતનો જૈન સંઘ આવ્યો. ખંભાત વગેરે **શહેરોના સંઘો** પણ ગચ્છનાયકને વંદન કરવા અહીં આવ્યા. આચાર્યશ્રીએ મુનિસંઘમાં રહેલ 'આંતરિક ક્લેશને દૂર કરવાનું' હાથમાં લીધું. સૌએ ગચ્છનાયક પાસે પોતપોતાની વાત રજૂ કરી. સૌની સામે કેટલાએક સાચા–ખોટા પત્રો, કપટી પત્રો, ગુપ્ત પુસ્તક વગેરે રજૂ થયાં. આ પુસ્તકમાં ગચ્છના જુદા જુદા મુનિવરો ઉપર આક્ષેપો કરવામાં આવ્યા હતા. તે આ પ્રમાણે –

તે માંહી (૪૮મા ભ૦) સોમતિલકસૂરિનઈ, કહ્યા અજ્ઞાની સાગર મુનિ;
સાગર ગ્રંથિ અછઈ એ સાખિ, એહ વિચાર ન ઘટઈ મનરાખિ.
(બોલ : ૨૭મો)

તેહ વયણનું સૂત્ર જ સુણો, સર્વજ્ઞશતકિં એ અવગણો;
હીર જેસિંગને મિથ્યાત્વી કહ્યા, તે સાગરગચ્છ બાહિર રહ્યા.
'સૂત્રમ્–આગમ૦' (બોલ : ૨૯મો; પ્રક. ૫૫, પૃ. ૩૫૭; ઐતિહાસિક રાસ સંગ્રહ, ભા. ૪, પૃ. ૮૫–૮૬; આનંદકાવ્ય મહોદધિ, મૌ. ૭મું, મો. દ. દેસાઈની પ્રસ્તાવના, પૃ. ૧૧૫ થી ૧૧૮)

(૨૪) **ક્લેશનું મૂળ** : મહો૦ મુનિવિમલગણિના શિષ્ય કવિરત્ન પં૦ દર્શનવિજય ગણિએ સમ્મેલનમાં નવી પ્રરૂપણાના ૩૬ બોલના આલાવાનાં પાનાં રજૂ કર્યાં અને કહ્યું કે, ''ગુરુદેવ ! આપણા ગચ્છના આંતરિક ક્લેશનું મૂળ નવી પ્રરૂપણા છે. તે ૩૬ બોલનાં આ પાનાં તે ઝેરી પુસ્તક જ છે.''

(૨૫) આ૦ વિજયસેનસૂરિવરે નવી પ્રરૂપણાના ૩૬ બોલના આલાવાનાં પાનાં એક મુનિ પાસે ચતુર્વિધ સંઘની સભામાં વંચાવ્યાં. સૌએ તે સાંભળ્યાં. પછી ગચ્છનાયકે સૌની વચ્ચે જાહેરમાં ''આ લખાણ જૈન શાસ્ત્રના આધાર વગરનું છે'' એમ જણાવી, દરેકે દરેક બોલ અંગે શાસ્ત્રના પાઠો તથા આલાવાના હવાલા આપી તે તે બોલ કેટલા અસત્ય હતા તે સ્પષ્ટ સમજાવી, તે બોલોને જૂઠા ઠરાવ્યા અને સાથોસાથ જાહેર કર્યું કે, ''સાગરપંથના આ સમસ્ત ગ્રંથો વાસ્તવમાં

---

➧ कृत्वा वैजय पक्षमण्डपमिमां तत्राधिरोप्यादरा त्
प्रौढा कारि तथा यथा जगदिमां तुष्टं फलैः सेव्यते ।।१७
(મહો૦ કીર્તિવિજય ગણિકૃત 'વિચાર રત્નાકર પ્રશસ્તિ')

મહો૦ ધર્મસાગર ગણિવર માનતા હતા કે, ''જૈનોમાં માત્ર તપાગચ્છ જ શુદ્ધ જૈનશાસન છે.'' પરંતુ વિજયાનંદસૂરિના કોઈ કોઈ મુનિવરો તો માનતા કે, ''જૈનોમાં વિજયાનંદસૂરિ તપાગચ્છ જ શુદ્ધ શ્રમણસંઘ છે.'' તેમાંના એક પક્ષના વિદ્વાને 'સ્તુતિ ચતુર્વિંશતિ' બનાવી છે. તેમાં તે ભ૦ આદીશ્વરની સ્તુતિમાં ચક્રેશ્વરી દેવી પાસે આ પ્રકારે યાચના કરે છે –

चक्रेश्वरी सा मम मङ्गलालीमहर्निशं मङ्क्षु सूरी तनोतु ।
सूरीश्वरानन्दगुरोर्गणे समीहितं राति सुहंसवाणी ॥

અર્થાત્–ચક્રેશ્વરીદેવી વિજયાનંદસૂરિ સંઘની ઇષ્ટપૂર્તિ કરો.★

(પૂ૦ પં૦ ચતુરવિજયજીનો સ્તોત્ર સમુચ્ચય, સં. ૧૯૮૪, પૃ. ૨૧૫–૧૬)

તપગચ્છમાં ઉક્ત (પૃ. ૩૬૧) બે આચાર્યો થયા; અને પછી પણ બીજા (કુલ પાંચ) આચાર્યો થયા. તે આ પ્રકારે –

૩. આ૦ **રાજસાગરસૂરિ** – તેઓ સં. ૧૬૮૬માં ભ૦ **વિજયદેવસૂરિના** વાસક્ષેપથી આચાર્ય બન્યા. તેમનાથી તપાગચ્છ વિજયદેવસૂરિ સંઘની 'સાગરશાખા' નીકળી.

૪. આ૦ **જ્ઞાનવિમલસૂરિ** – આ૦ વિજયદેવસૂરિના પટ્ટધર **ભ૦ વિજયપ્રભસૂરિની** આજ્ઞાથી આ૦ મહિમાસૂરિના હાથે આચાર્ય બન્યા. તેમનાથી તપાગચ્છ વિજયદેવસૂરિ ગચ્છની 'વિમલશાખા' નીકળી.

૫. **પં૦ સત્યવિજય ગણિવર** – તે ભ૦ વિજયદેવસૂરિના ૬૧મા ગચ્છનાયક ભ૦ **વિજયસિંહસૂરિના** શિષ્ય હતા. તેમણે દાદા ગુરુદેવની આજ્ઞામાં સં. ૧૭૧૧માં પાટણમાં ક્રિયોદ્ધાર કર્યો. તેમનાથી તપાગચ્છ વિજયદેવસૂરિ ગચ્છની 'સંવેગી વિજયશાખા' નીકળી. ઉપરની ચારે શાખાના યતિવરો – ત્યાગીઓ આ શાખામાં આવી મળ્યા.

(૨૮) **સાહિત્ય** – એ સમયે બંને પક્ષના લેખકોએ પોતપોતાના પક્ષના સમર્થન માટે સાહિત્ય બનાવ્યું હતું, તે આ પ્રમાણે –

૧. મહો૦ સોમવિજય ગણિવરે સં. ૧૬૭૨ના વૈશાખ સુદિ ૧૩ ના રોજ 'છત્રીશ બોલ' બનાવ્યા. તેમાં નવી પ્રરૂપણાનું શાસ્ત્રાધારે ખંડન કર્યું.

---

★ તપગચ્છના શ્રમણો બે ભાગમાં વહેંચાઈ ગયા ત્યારે શ્રાવકો પણ બે ભાગમાં વહેંચાયા. તેમ દેવો પણ બે ભાગમાં વહેંચાયા હશે, તેવા ગ્રંથોલ્લેખો મળે છે. આ૦ વિજયદેવસૂરિને દેવોની સહાય હતી.

(ઉ૦ ગુણવિજયજી ગણિકૃત 'તપાગણપતિ ગુણપદ્ધતિ'; પટ્ટાવલી સમુચ્ચય ભા. ૧, પૃ. ૮૬; પ્રક. ૩૮, પૃ. ૩૨૮)

સંભવ છે કે, આથી જ તે સ્તુતિકારે શાસનદેવી પાસે સ્વપક્ષની ઇષ્ટપૂર્તિ માગી હોય !

૨. પં૦ ભક્તિસાગરગણિએ સં. ૧૬૭૨–૭૩ના કાર્તિક સુદિ ૧૪ના રોજ 'અઢાર પ્રશ્નો' બનાવ્યા. મહો૦ સોમવિજયગણિને તેમના 'છત્રીશ બોલ'ના ઉત્તરમાં પ્રશ્નો હતા. તેમણે ત્યારથી તે નવી પ્રરૂપણાનું મંડન કર્યું હતું. મહો૦ સોમવિજયગણિને આ સાથે બીજા ૩ પત્રો લખી મોકલ્યા હતા.

૩. પં૦ ભક્તિસાગરગણિએ સં. ૧૬૭૪–૭૫માં સંસ્કૃત ભાષામાં 'પ્રરૂપણા વિચાર' ગ્રંથ બનાવ્યો. તેમાં 'છત્રીશ બોલ'નું સમર્થન કર્યું. નવા પક્ષના નવા નિર્નામકમત વગેરે નામો બતાવી આ૦ વિજયતિલકસૂરિની મજાક ઉડાવી. સાથોસાથ જણાવ્યું કે, આ નિર્નામક મતવાળાએ જ જગદ્‌ગુરુની (વિજયહીરસૂરિના) 'બારબોલ'માંના નવ બોલનો છડેચોક ભંગ કર્યો છે.

૪. મહો૦ શાંતિચંદ્ર ગણિવરના શિષ્ય **પં૦ રત્નચંદ્ર ગણિવરે** તપારત્નહિતોપદેશ રૂપે 'કુમતાહિવિષજાઙ્ગુલી' નામે ગ્રંથ રચ્યો. (પ્રક. ૫૫, પૃ. ૩૯૮)

૫. ઉ૦ સુમતિવિજયના પ્રશિષ્ય કવિ **પં૦ સિંહવિજયગણિએ** સં. ૧૬૭૪ના આસો વદ અમાવસ્યાને દિવસે 'સાગર બાવની' બનાવી.

૬. મહો૦ ભાવવિજય ગણિવરે સં. ૧૬૭૮માં કપડવંજમાં મહો૦ સોમવિજય ગણિવરના 'બત્રીશ બોલ'ના આધારે સંસ્કૃત પદ્યમાં 'ષટ્‌ત્રિંશજ્જલ્પ વિચાર' બનાવ્યો.

(મહો૦) ભાવવિજયજી બે થયા : ૧. મહો૦ વિમલહર્ષ ગણિવરની પરંપરામાં મહો૦ મુનિવિમલગણિ, મુનિવિજયગણિના શિષ્ય **મહો૦ ભાવવિજય ગણિવર**. ૨. મહો૦ કલ્યાણવિજય ગણિવરના શિષ્ય પં૦ શુભવિજયગણિના શિષ્ય પં૦ **ભાવવિજય ગણિવર**. (પ્રક. ....)

૭. **મહો૦ વિનયવિજય ગણિવરે** સં. ૧૬૯૬ના જેઠ સુદિ ૨ ગુરુવારે 'કલ્પસૂત્રની સુબોધિકા ટીકા'માં સાગરમતના કોઈ કોઈ વિષયનું પ્રાસંગિક ખંડન કર્યું છે. મહો૦ વિનયવિજય ગણિવરે સં. ૧૬૮૯ માં સંસ્કૃત–ગદ્યમાં 'ષટ્‌ત્રિંશજ્જલ્પસંગ્રહ' રચ્યો.

૮. **કવિવર ઋષભદાસે** સં. ૧૬૮૪ના માગસર વદિ ૨ ને ગુરુવારે ખંભાતમાં 'બારબોલરાસ' બનાવ્યો.

૯. શ્રુતકેવલી સમા **મહો૦ યશોવિજયજી ગણિવરે** સં......માં 'પ્રતિમા-શતક'માં નવી પ્રરૂપણાની સમીક્ષા કરી.

૧૦. મહો૦ **મેઘવિજયજી ગણિવરે** 'મધ્યમષટ્‌ત્રિંશજ્જલ્પ વિચાર' બનાવ્યો.

૧૧. **પં૦ મુક્તિસાગરગણિ** (આ૦ રાજસાગરસૂરિ)એ 'કેવલીસ્વરુપ સજ્ઝાય' બનાવી.

ઉપરના સાહિત્યમાં મોટે ભાગે પોતાના પક્ષની પ્રશંસા અને વિરોધ પક્ષની નિંદા કરી હોય એ સ્વાભાવિક છે. આથી આવા સાહિત્યને એકદમ ખરું કે ખોટું કહી દેવાનું સાહસ કરવું ન જોઈએ. ખરેખર, આ સાહિત્ય તો તે સમયની ઘટનાની નોંધ મનાય છે. આ ગચ્છમતસંઘર્ષનો વિભાગ મોટે ભાગે હોવા છતાં આવા ગચ્છમત સંઘર્ષના ગ્રંથોમાં આંશિક સત્ય પણ હોઈ શકે છે. અમે અહીં આથી મધ્યમ ભાવે આમાં ટૂંક વિભાગ આપ્યો છે.★

(૨૯) **સાગરશાખાના** પં૦ મુક્તિસાગરગણિ સં. ૧૬૭૯માં અમદાવાદમાં ઉપાધ્યાય બન્યા ત્યારે બંને પક્ષના આચાર્યોને જ્ઞાન થયું કે, 'આપણે ગચ્છના ટુકડા કરી ગંભીર ભૂલ કરી છે. હવે આપણે જો આ ભૂલને નિભાવી રાખીશું તો ત્રીજા, ચોથા, પાંચમા વગેરે ગચ્છો પણ જન્મશે. આપણે સૌએ સંપ કરી એક એકમ રૂપે બની રહેવું જોઈએ. એ ઉત્તમ માર્ગ છે.'

**મુનિ સમ્મલેન :** આ રીતે બંને પક્ષમાં ત્યારથી એક થવાની ભાવના જન્મી હતી. સં. ૧૬૮૧ પ્રથમ ચૈત્ર સુદિ ૯ ના રોજ અમદાવાદમાં **કાલુપુરના** જૈન ઉપાશ્રયમાં તપગચ્છના બંને પક્ષો—સૌ શાખાના મુનિવરોનું **મુનિ સમ્મેલન** મળ્યું હતું.

મહો૦ ભાનુચંદ્ર ગણિવરના પરિવારના **પં૦ ઉદયચંદ્રગણિ** તે સમ્મેલનનો ઇતિહાસ આ પ્રકારે આપે છે —●

**૧. હિતોપદેશ :** संवत् १६८१ वर्षे कार्तिक वदि प्रतिपद्दिने रवौ भरण्यां व्यतिपाते श्रीअहम्मदावादनगरे **श्रीविजयदेवसूरिभिः** मुक्तिसागरो गच्छान्निष्कामितः, तस्मिन्नेव दिने शान्तिदाससाहाय्येन सागरनाम कुमतं प्रवृत्तं, तत्र प्रथमं सागरकुमते मूलं मुक्तिसागरः, तदनु च सं० १६८१ वर्षे प्रथम चैत्रे शुक्लनवमी दिने पुनर्वसुनक्षत्रे नवमरवियोगे गच्छभेदमपास्य श्रीअहम्मदावाद **सकलवाचक**प्रभृतियतिसमुदायेन सकलसंघेन सह महाडम्बरपुरस्सरं सकलानेकजातीयवाद्यनिर्घोषपुरसरं भट्टारकपुरन्दर श्रीविजय-

---

★ ઇતિહાસ તે ખરેખર બનેલી સાચી અને ખોટી ઘટનાઓની **સંગ્રહપોથી** હોય છે. તે કોઈ અનિચ્છનીય ઘટનાને નકામી માની છોડી દેવાય નહીં. અમે ઇતિહાસના તે **નિયમને** સામે રાખી આ ઇતિહાસના વાચકો અને લેખકોને આ સંબંધી ઊચિત પ્રકાશ મળે તથા ક્લેશ પ્રેમીઓને ક્લેશ વિરમવા સાથે ઉત્તમ શિક્ષણપાઠ મળે, એમ સમભાવે ઉપર મુજબના ખ્યાલથી મુ૦ વિદ્યાવિજયજી, શ્રી જિનવિજયજી, મો૦ ગિ૦ કાપડિયા વગેરેના વિવિધ લેખોના આધારે આ વિભાગ લખ્યો છે. અમારી બીજા લેખકોને સાદર સૂચના છે કે, તે એકદમ વિવેકી બની સંપૂર્ણ તટસ્થપણે તે તે સાહિત્યનું તલસ્પર્શી પરિશીલન કરે તો એ સમયની વાસ્તવિક ઘટના તે જાણી શકશે.

● સં૦ તેજપાલ માટે જુઓ પ્રક. ૫૧, પૃ. ૨૧૧–૨૧૨; પ્રક. ૫૮.

देवसूरिणां सागरकुमतनिवारणप्रोत्साहितमनसः श्रीविजयानन्दसूरयोऽहं शिष्योऽस्मीति वदतः, पदकमलं प्रणेमुः ॥ठ॥

अथ **श्रीतपागच्छदिनकरः** सागरकुमतवार्दलपटलरहितोऽधिकतेजस्वितां प्राप । तद्दिने श्रीशत्रुञ्जययात्रार्थं बहुसंघयुतेन समागतेन श्रीवस्तुपाल–तेजःपालतुल्येन दानकल्प-द्रुमसमाजेन श्रीविजयदेवसूरीणां परमभक्तेन तपागच्छपरमधर्मानुरागिणा सिरोहीवास्तव्येन सिरोहीदेशाधिपतिमन्त्रिमुख्येन महं० श्रीतेजःपालसकलसंघयुतेन निजाग्रहमाननमुदितचेतसां सर्वेषां भट्टारक श्रीसूरिवाचक पण्डितसाधुप्रभृतीनां स्वर्ण-रूप्यादिनाणकैर्नवाङ्गपूजाकरणेन श्रीफलप्रभावनाकरणेन च महानुत्सवश्चक्रे **गच्छभेदनिवारणतिलकं संघपतितिलकं** चैकस्मिन्नेव वर्षे महं० **तेजःपालेन** जगृहे ॥

धर्मतः सकलमङ्गलावली धर्मतः सकलसौख्यसंपदः ।
धर्मतः स्फुरति निर्मलं यशो धर्म एव तदतो विधीयताम् ॥

पं० उदयचन्द्रगणिवाचनार्थम् ।

(જૈન સાહિત્યપ્રદર્શન, શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્રશ. નં. ૭૬૦, પૃ. ૧૯૦)

**નોંધ :** પ્રક. ૫૧, નગરસ્થાપના : સિરોહી – પૃ. ૨૦૯થી ૨૧૩.

૨. જૂના હસ્તલિખિત **પત્રમાં બીજી તરફનું** લખાણ –

तथा श्रीविजयदेवसूरिनइं श्रीविजयानंदसूरिं लिखी आप्युं छइ, जे श्रीपूज्यजी छे मुजनिं लिखित प्रसाद कीधुं छइ, तेहनइं अनुसारइं मइं श्रीपूज्यनी आज्ञाइं प्रवर्त्तवुं ।

तथा गच्छमर्यादा सघली श्रीपूज्यजी चलावइ तथा श्रीपूज्यजी पछइ श्रीपूज्यजीना **पटोधर** चलावइ ॥छ॥ इति मंगलं ॥

॥६०॥ ॐ नत्वा श्रीचिंतामणिपार्श्वनाथाय नमः ॥ श्रीहीरविजयसूरीश्वरगुरुभ्यो नमः ॥ श्रीविजयसेनसूरीश्वरगुरुभ्यो नमः ॥ **भट्टारक श्रीविजयदेवसूरीश्वरचरणान्, शिशुर्विजयानन्दो** विज्ञपयति । अपरं क्षेत्रादिककामिं श्रीपूज्यजीनी आज्ञाइं प्रवर्त्तवुं । तथा भट्टारक श्रीविजयदेवसूरि जेहनिं पार भलावइ ते सघली गच्छमर्यादा चलावइ । तिहां अम्हो पक्ष न करवो । श्रीपूज्यजीना पटोधारीनीं रूचिं प्रवर्त्तवुं । तथा कशी वातइं रागद्वेष उपजइ ते न करवुं । तथा पंन्यासपद प्रमुखपद न देवां । तथा श्रीपूज्यजी पछइ श्रीपूज्यजीनो पटोधारी जिहां होइ तिहां तेडावइ तिवारइ ज आववुं सही ३ ।

सं. १६८१ वर्षे चैत्र सुदि ९ दिने ।

ॐ नत्वा शिशुर्विजयानन्दो विज्ञपयत्यपरं उपरि लिख्युं छइ ते अग्हारइ **सही** ३ ॥ इति मंगलं ॥

૩. જૂના હસ્તલિખિત પાનામાં **એક તરફનું** લખાણ –

ॐ नत्वा **श्रीविजयदेवसूरिभिर्लिख्यते,** उपरि हेठे लिख्युं ते **सही** ।

श्रीहीरविजयसूरीश्वरगुरुभ्यो नमः । श्रीविजयसेनसूरीश्वरगुरुभ्यो नमः । **श्रीविजयदेवसूरिभिर्लिख्यते** । **श्रीविजयानन्दसूरियोग्यं,** अपरं श्रीविजयतिलकसूरिं आचारयपदप्रमुख जे जेहनिं दीधां छइ ते सर्व साबति (साजति) । तथा अम्हिं बीजो पटोधर थापुं । तिबारइं माहोमाहिं दीक्षाना पर्यायनइ मेलइं वड–लहुडाइइं वंदनादिक सर्वव्यवहार सदाइं साचववो, तथा अम्हो तथा अम्हारइ पटोधरइं क्षेत्र २ पोतइं राखी निं पछइ तुम्हनिं मन भावतां क्षेत्र २ पुछीनइं ते मध्ये क्षेत्र १ वडुं । क्षेत्र १ ते पासइं लहुडुं । पूछावीनइं पछइ बीजा क्षेत्र आदेश देवाना पटा लिखवा, तथा भट्टारक श्रीविजयसेनसूरिं तथा अम्हे जे सर्वज्ञशतक ग्रंथ अप्रमाण करवा बाबति जे पटा लिख्या छइ ते सर्व कुणिं प्रमाण जाणिवा । तथा वडेराना रास भास गीत गातां विरुद्ध वचन न गावां। कोई गीतारथनां कार्य काम आशरी तुम्हे कहण कहो ते समयानुसारइ अम्हे मानवुं। तथा तुम्हो अम्हनिं लिखित आप्युं छइं । ते लिखित नइ अनु सारइं अम्हारुं लिखित प्रमाण छइं । तथा धरमी माणसइं कुणइं पुरवलो रागद्वेष मनमांहि आणवो नहीं । अनइ गच्छमर्यादा सर्वनइं शाता उपजइ तिम करवुं । सही ३ । सं. १६८१ वर्षे प्रथम चैत्र सुदि ९ दिने ॥

ઉપરના ઐતિહાસિક ઉલ્લેખો અને પત્રથી સ્પષ્ટ થાય છે કે, સૌએ તપગચ્છની એકતા માટે **સક્રિય પ્રયત્ન** કર્યો. આ પ્રયત્ન સર્વોત્તમ હતો જ, પરંતુ જેઓ આવી એકતા થાય તેમાં રાજી ન હોય તે આ સોનેરી તકને જતી કરાવવા પ્રયત્ન કરે એ સ્વાભાવિક હતું. પરિણામ એ આવ્યું કે **તે સમ્મેલન નિષ્ફળ ગયું.** તે પછી બીજીવાર એકતા માટે પ્રયત્ન થયો. પણ તેમાંય કામચલાઉ એકતા મળી.

પછી જાણવા મળે છે કે, પં૦ મુક્તિસાગરગણિ સં. ૧૬૯૬ના જેઠ સુદિ ૧૪ ને શનિવારના અમદાવાદમાં **આ૦ રાજસાગરસૂરિ** બન્યા અને તેમનો નવો પક્ષ જન્મ્યો. પછી તો આ૦ વિજયદેવસૂરિ સંઘ તથા આ૦ વિજયાનંદસૂરિ સંઘ પણ હંમેશને માટે જુદા પડ્યા.

**અપ્રમાણિક ગ્રંથ : નોંધપાત્ર** ઘટના એ છે કે, સં. ૧૬૮૧ના પ્રથમ ચૈત્ર સુદિ ૯ના દિવસે અમદાવાદમાં આ૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયાનંદસૂરિ એક થયા ત્યારે 'સટીક–સર્વજ્ઞશતક' ગ્રંથ બંનેની સમ્મતિથી **અપ્રામાણિક ગ્રંથ** તરીકે જાહેર થયો તે અપ્રામાણિક જ રહ્યો.

ભ૦ **વિજયદેવસૂરિએ** ગંભીર વિચારણા કરી તે ગ્રંથના આધારે આ૦ સોમતિલકસૂરિ, જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ વગેરે પૂર્વાચાર્યોનું અપમાન થાય છે એ જાણી લીધું. માટે જ તેને મનથી એ ગ્રંથ

અપ્રામાણિક માન્યો હતો અને અપ્રામાણિક ઠરાવ્યો હતો. હવે તો તેને પ્રામાણિક ગ્રંથ તરીકે જાહેર કરે તેમ હતું જ નહીં. પરંતુ સાગરશાખાના મુનિવરોની ભાવના હતી કે ભ૦ **વિજયદેવસૂરિની પાસે** 'સર્વજ્ઞશતક'ને પ્રામાણિક જાહેર કરાવી લેવો. એટલે તેઓએ તેના પ્રયત્નો ચાલુ રાખ્યા.

(૩૦) **આ૦ રાજસાગરસૂરિએ** નક્કી કર્યું કે, આ૦ વિજયદેવસૂરિની સહાયથી જ 'સર્વજ્ઞશતક' ગ્રંથને કોઈ પણ રીતે પ્રામાણિક જાહેર કરી શકાય અને તે માટે અનુકૂળ એક **સોનેરી તક મળી** છે.

**આ૦ વિજયદેવસૂરિ** 'કન્નડદેશના વિજાપુર'માં જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરવા પધારવાના હતા. ત્યારે તે ખંભાતથી વિહાર કરી સુરત પધાર્યા. સુરતના જૈન સંઘે તેમની સામે ઘણા વિહારસ્થળો સુધી સામે જઈ સત્કાર કરી **સુરતમાં** મોટું સ્વાગત કરી પધરાવ્યા.

**મહો૦ મેઘવિજયગણિ** લખે છે કે, સં. ૧૬૮૭માં 'સુરતમાં મીરમોજાની સભામાં' સાગરમતી સાચા છે કે નહીં ? તે બાબત શાસ્ત્રાર્થ થયો. આ૦ વિજયદેવસૂરિએ તે સભામાં સાગરપક્ષની નવી પ્રરૂપણાને જૂઠી ઠરાવી વિજય મેળવ્યો. (તપાગચ્છપટ્ટાવલી; પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૧, પૃ. ૯૪–૯૫)

આ ઉલ્લેખથી અને બીજા આધારોથી જાણવા મળે છે કે –

ત્યારે સુરતના **નવાબ માજર મલિક હતો.** નગરશેઠ શાંતિદાસ ઝવેરી અને નવાબ ગાઢ મિત્રો હતા. નવાબે સાગરગચ્છના જૈનોની પ્રેરણાથી સુરતની રાજસભામાં 'સર્વજ્ઞશતક' બાબત શાસ્ત્રાર્થ ગોઠવ્યો અને આ૦ વિજયદેવસૂરિને આ અંગે વિનંતી કરી.

**શાસ્ત્રાર્થ :** આ પ્રસંગ ઊભો થવાથી ભ૦ વિજયદેવસૂરિના પરિવારના **ઉપા૦ ધનવિજયગણિ**, ઉ૦ ધર્મચંદ્રગણિ, ઉ૦ લાવણ્યવિજયગણિ, પં૦ મતિચંદ્રગણિ, પં૦ માણેકચંદ્રગણિ, **પં૦ ઋદ્ધિવિજયગણિ** વગેરે ગીતાર્થ મુનિવરો સુરત આવી ગયા.

ભ૦ વિજયદેવસૂરિએ શાસ્ત્રાર્થ કરવા માટે પોતાના તરફથી મહો૦ ધર્મસાગર ગણિવરના શિષ્ય (૫૭) ઉ૦ વિમલસાગરના પ્રશિષ્ય (૫૯) **મહો૦ કુશલસાગરગણિ** અને **પં૦ લાભકુશળગણિને** નિયુક્ત કર્યા.

આ૦ રાજસાગરસૂરિએ શાસ્ત્રાર્થ કરવા માટે પોતાના તરફથી **પં૦ સત્ય-સૌભાગ્યગણિને** નિયુક્ત કર્યા.

શાસ્ત્રાર્થનું સ્થાન રાજસભા હતું અને મધ્યસ્થ તરીકે સાગરશાખાના જૈનોની માગણી મુજબ **નવાબ માજર મલિક**, બીજા વિદ્વાન બ્રાહ્મણો તથા

પંડિતો અને મુસલમાનના કાજીઓ વગેરે હતા. બીજા જૈન–જૈનેતર શ્રોતાઓ હાજર હતા.

સૂબાએ શાસ્ત્રાર્થનો પ્રારંભ કરવા જણાવ્યું. **પં૦ સત્યસૌભાગ્યગણિએ** પ્રથમ ફારસીમાં પાંચ ફકરા લખી સૌની સામે મૂક્યા.

**મહો૦ કુશળસાગરગણિએ** તેની સામે 'સર્વજ્ઞશતક'માંથી વિસંવાદી (નવ) બોલ કાઢી, ફારસીમાં લખી સૌની સામે મૂક્યા અને પંન્યાસજીને જણાવ્યું કે, ''આ બોલને શાસ્ત્રોના આધારપાઠો આપી સાચા કરી બતાવો.''

પં૦ સત્યસૌભાગ્યગણિ આ બોલ વાંચી મૌન બની બેસી રહ્યા. સર્વ સભ્યો અને બધા પ્રેક્ષકોએ જાહેર કર્યું કે, 'પં૦ સત્યસૌભાગ્યગણિ હારી ગયા છે. ઉ૦ કુશળસાગરગણિ સાચા છે. ભ૦ વિજયદેવસૂરિ જીત્યા છે.' **આ૦ વિજયદેવસૂરિ** એ પછી ચૈત્ર સુદિ ૮ ના રોજ સુરતથી વિહાર કરી કુંભારિયા પધાર્યા અને ત્યાંથી આગળ ધીમે ધીમે વિહાર કરતા દક્ષિણ **વિજાપુર** પધાર્યા.

(ઐતિહાસિક રાસસંગ્રહ, ભા. ૪, નિરીક્ષણ પૃ. ૩૯–૪૦)

ઇતિહાસ કહે છે કે, ભ૦ **વિજયદેવસૂરિએ** વિજાપુરમાં સં. ૧૬૮૭માં શેઠ વેલચંદના ઉત્સવમાં જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી. પછી સં. ૧૬૮૭ થી ૧૬૯૪ સુધી કન્નડ, **અંતરિક્ષ**, તિલંગ, ગોલકુંડા વગેરે સ્થાનોમાં વિચરી જિનપ્રતિમાઓ, મુનિવરોની પદવીઓ વગેરે કરી. તે પછી તેઓ વિહાર કરી ગુજરાતમાં પધાર્યા. વળી, વિહાર કરી વરાડના શ્રીપુરમાં પધારી સં. ૧૭૦૫ના ફાગણ વદ ૫ ને બુધવારે ભ૦ અંતરીક્ષ પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં નવી અંજનશલાકા કરી અને તે તીર્થનો જીર્ણોદ્ધાર કરાવવા ઉપદેશ આપ્યો. (પ્રક. ૬૦, પૃ. ૨૯૪)

(૩૧) **૧૭નો આંક** : જિનાગમોમાં એક સૂત્ર છે કે – 'સત્તરસવિહે અસંજમો.' આ સૂત્ર જૈન સાધુઓને ૧૭ જાતનાં અસંયમથી અસમાધિથી સાવધાન રહેવા માટે **ચેતવણી** આપે છે; પણ, કદાચ કલ્પનાના બળે આ સૂત્રનો 'ગણિતાનુયોગમાં બંધબેસતો અલંકારિક અર્થ' કરીએ તો કહી શકાય કે, ૧૭મી સદી (સં. ૧૬૧૭ થી ૧૭૦૦ સુધી)નો કાળ જૈન સમાજ માટે અસમાધિ–અશાંતિનો કાળ હોય. કેમકે તે સદીમાં અંચલગચ્છમાં ૪, ખરતર-ગચ્છમાં ૪ ગચ્છો વગેરે ભેદો નીકળ્યા હતા.

વિક્રમની ૧૭મી શતાબ્દીમાં જૈનોના ઘણા **ગચ્છભેદો** થયા હતા, તે આ પ્રમાણે –

(૧) સં. ૧૬૭૩ પોષ સુદિ ૧૩ના સિરોહીમાં તપગચ્છની વિજય-શાખામાં બીજો ભાગ પડ્યો. સં. ૧૮૬૮માં તપગચ્છની વિજયશાખામાં ત્રીજો ભાગ પડ્યો.

(૨) વડગચ્છમાં આ૦ મુનીશ્વરસૂરિથી આચાર્યશાખા અને ભટ્ટારકશાખા એમ બે ભેદ પડ્યા. (પ્રક. ૪૧, પૃ. ૪૬૧)

(૩) અંચલગચ્છમાં સં. ૧૬૨૯ થી ૧૬૭૦ લગભગમાં ૪ શાખાઓ જુદી પડી. (પ્રક. ૪૦, પૃ. ૪૨૦)

(૪) ખરતરગચ્છમાં સં. ૧૬૭૫ થી ૧૬૯૦માં ભટ્ટારકશાખા અને આચાર્યશાખા એમ બે ભેદો પડ્યા. આ શતાબ્દીના અંતે એકંદરે ખરતરગચ્છમાં ચાર ગચ્છો થયા. (પ્રક. ૪૦, પૃ. ૩૮૬)

(૫) આ૦ ધર્મઘોષગચ્છમાંથી સં. ૧૫૮૬ પછી નાગોરી લોંકાગચ્છ નીકળ્યો. (પ્રક. ૫૩, પૃ. ૩૦૨)

(૬) લોંકાગચ્છમાં સં. ૧૬૯૨ તથા સં. ૧૭૦૯માં **લોંકાગચ્છ** અને **ઢુંઢિયા** એમ બે ભાગ પડ્યા. (પ્રક. ૫૩, પૃ. ૩૦૫)

(૭) સાદડીમાં તપા–લોંકાના ભાગ પડ્યા.
(પ્રક. ૫૩, પૃ. ૨૬૯, ૨૭૩, ૩૦૨)

(૮) દિગમ્બરોમાં પણ સં. ૧૬૮૦માં આગરામાં **વીશપંથી, તેરાપંથી** એમ બે ભાગ પડ્યા. (પ્રક. ૧૪, પૃ. ૨૬૯ થી ૨૭૨; પ્રક. ૫૩, પૃ. ૩૧૯)

**નોંધ :** નોંધપાત્ર ઘટના એ છે કે, તપગચ્છના ભેદના મોવડીઓ – ગીતાર્થો પૈકીના ઉ૦ **નેમિસાગર** સં. ૧૬૭૫માં, આ૦ **વિજયતિલકસૂરિ** સં. ૧૬૬૭માં અને **મહો૦ સોમવિજયગણિ** સં. ૧૬૯૬–૯૭માં સ્વર્ગવાસી થયા હશે. પછી તો સં. **૧૭૧૧ થી ૧૮૦૦**ના વર્ષો વીત્યા બાદ તપાગચ્છમાં **એકતાનું બીજારોપણ** થયું.

(૩૨) આ ગચ્છમત સંઘર્ષના વિવિધ પ્રસંગોમાંથી સ્પષ્ટ તારવી શકાય છે કે, **મહો૦ ધર્મસાગરગણિ** સમર્થ વિદ્વાન હતા, સચ્ચાઈના મોટા પક્ષપાતી હતા. તેઓ નિડર, મોટા વાદી, ઉગ્ર સ્વભાવના, સ્વમત પક્ષપાતી અને પરમત અસહિષ્ણુ હતા. તેઓ સાચી હકીકતને સ્વીકારવા સદા તૈયાર રહેતા. આથી જ તેમણે સં. ૧૬૧૬માં નાગોરમાં શેઠ કલ્યાણમલની સામે મહોદયભાવે મિચ્છામિ દુક્કડં આપ્યો તેમજ સં. ૧૬૨૦માં અને સં. ૧૬૫૬માં ગચ્છનાયકો સામે ચતુર્વિધ સંઘની વચ્ચે મિચ્છામિ દુક્કડં આપ્યો. આનંદની વાત એ છે કે, તેઓ ગચ્છનાયકોને તથા શાસનને સર્વથા વફાદાર રહેતા, તેઓની આજ્ઞાને શિરોધાર્ય કરતા. (પ્રક. ૫૫, પૃ. ૩૪૪)

**મહોપાધ્યાયની પ્રતિષ્ઠા** : શિલાલેખો મળે છે કે, (૧) સં. ૧૬૩૭ના વૈશાખ સુદિ ૩ ને ગુરુવારે રોહિણી નક્ષત્રમાં રાવલ મેઘરાજજીના વીરમપુર (નાકોડા)માં ભ૦ વિમલનાથના જિનપ્રાસાદમાં તપગચ્છના આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિના ઉપાધ્યાય ધર્મસાગર ગણિવરના ઉપદેશથી શ્રીસંઘે.....

(રંગમંડપ) બનાવ્યો. (—શ્રી જિનવિજયજીનો પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા. ૨, લે. ૪૧૮, ૪૨૧; પ્રક. ૫૫, પૃ. ૪૩૨ – નાકોડા)

(૨) મહોપાધ્યાયજીએ સં. ૧૬૩૨માં કોઠારી પદ્મે ભરાવેલી એક જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી, જે પ્રતિમા આજે **બરલૂટના જિનાલયમાં છે.** તેનો પ્રતિમાલેખ આ પ્રકારે છે –

.....तपागच्छे महोपाध्यायश्री धर्मसागरगणिभिः श्री हीरविजयसूरिराज्ये ॥
(જૈનસત્યપ્રકાશ, ક્ર. ૨૦)

**સ્વર્ગવાસ** – મહો૦ ધર્મસાગરગણિના સ્વર્ગવાસ માટે બે ઉલ્લેખ મળે છે : (૧) તેઓ સં. ૧૬૫૩ના કાર્તિક સુદિ ૯ના દિવસે સુરતમાં સ્વર્ગે ગયા. (૨) સં. ૧૬૫૪ના કાર્તિક વદ ૯માં ખંભાતમાં સ્વર્ગે ગયા.
(પં૦ રત્નચંદ્રગણિ કૃત 'કુમતાહિવિષજાંગુલી')

**વિશેષ પરિચય :** (૧) પં૦ શ્રુતસાગરગણિ મહોપાધ્યાયજીને શ્રુતકેવલીનું વિશેષણ યોગ્ય જ આપે છે. આ વિશેષણનો સામાન્ય અર્થ એ છે કે, મહોપાધ્યાયજી એ સમયે મોટા જ્ઞાની હતા. વિશેષ અર્થ એ થાય કે, મહોપાધ્યાયજી પં૦ શ્રુતસાગરજી માટે કેવલી જેવા ધર્મોપદેશક હતા.

(૨) ભ૦ વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી પં૦ ધર્મદાસગણિ લખે છે કે –

તાસ શિષ્ય ગુણ ગાજતા રે, ધર્મસાગર ઉવજ્ઝાય;
વાદી ગજઘટ કેસરી રે, આણ વહે જિનરાય. ભજો૦ ૫૨
(સં. ૧૬૭૬ના જે. સુદ ૧૫, સુરત, હીરવિહાર સ્તવન)

(૩) વાસ્તવવાદી 'પદ્મદ્રહ'ના બિરુદવાળા પં૦ પદ્મવિજયજી કહે છે :

'જે પરવાદિમતંગજ કેરો, ન ધરે હરિ પરે ડર હો.'
(સં. ૧૮૩૮, નવપદ પૂજા, ઉપાધ્યાય પૂજા)

મહોપાધ્યાય ધર્મસાગર ગણિવર **આવા મહોપાધ્યાય હતા.**

મહોપાધ્યાયજીએ જો નવી મનાતી પ્રરૂપણા ન કરી હોત અને વિવિધ ગચ્છોને 'ઉત્સૂત્રકંદકુદ્દાલ'ના આધારે નિહ્નવ બતાવ્યા ન હોત તો તેઓ ખરેખર લઘુ હેમચંદ્ર ગણાત. પણ તેઓ તે પદવી પામી શક્યા નહીં, છતાં તેમની શુદ્ધ શાસનભક્તિ અને સાહિત્યનું સર્જન જોતાં ચોક્કસ માનવું પડે છે કે, તેઓ તે સમયના મોટા વિદ્વાન, વાદી અને સમર્થ ગ્રંથકાર હતા.

**ગ્રંથો : મહોપાધ્યાયજીએ ઘણા ગ્રંથો** બનાવ્યા છે, તે આ પ્રમાણે –

૧. 'ભક્તામરસ્તોત્ર' (ઋષભદેવ પદામ્બુજ૦) કાવ્ય : ૨૮, સં. ૧૬૧૬માં મેડતાના ચોમાસામાં.

૨. 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રકુલક–સ્વોપજ્ઞ (દીપિકી) ટીકા', સં. ૧૬૧૭માં પાટણમાં.

૩. 'તત્ત્વતરંગિણી–સ્વોપજ્ઞ વૃત્તિ', સં. ૧૬૧૭માં પાટણ. તેમણે 'ઉત્સૂત્રકુમતિકુદ્દાલ'ના આધારે તેમાં 'સભ્યાશંકાનિરાકરણવાદ' વિભાગ નવો બનાવી જોડ્યો હતો.*

૪. 'કલ્પકિરણાવલી• (કલ્પસૂત્રટીકા)' ગ્રં. ૪૮૧૪, સં. ૧૬૨૮ના આસો વદ અમાવાસ્યા–દિવાળી દિને રાધનપુરમાં.

૫. 'કુવકખકોસિયસહસ્સકિરણ–સ્વોપજ્ઞ ટીકા' પ્રાકૃત ભાષામાં વિશ્રામ–૧૧,

---

★ तत्त्वतरैगिणी માટે જુઓ પ્રક. ૫૫, પૃ. ૩૫૧, ૩૫૨, કલમ ૩, ક. ૭.

પં૦ હંસસાગરગણિ(સૂરિ)એ વિ. સં. ૨૦૧૯માં મોરબીમાં તત્ત્વતરંગિણીનો મૂલ સાથે ગુજરાતીમાં અનુવાદ પૃ. ૨૭૪માં બનાવ્યો.

● कल्पकिरणावली ની પ્રશસ્તિ આ પ્રકારે મળે છે –

**મૂળ પ્રશસ્તિ**–આ વૃત્તિ વ્યાખ્યાનકારો માટે બહુ ઉપયોગી છે, સ્ફૂર્તિ દેનારી છે.

**સંયોજિત પ્રશસ્તિ** અથવા **ગ્રંથલેખન પ્રશસ્તિ** – ભ૦ મહાવીરસ્વામીની પાટે ગણધર સુધર્માસ્વામી થયા. તેમની પરંપરામાં ઘણા આચાર્યો થયા અને કોટિક વગેરે ગચ્છો બન્યા. વડગચ્છના આગમવેદી આ૦ **જગચ્ચંદ્રસૂરિએ** મોટું તપ કર્યું. તેથી તેઓ સં. ૧૨૮૫માં **તપા** કહેવાયા. તેમનાથી તપાગચ્છ નીકળ્યો.

તપાગચ્છમાં આ૦ **આનંદવિમલસૂરિ** થયા. તેમણે ક્રિયોદ્ધાર કર્યો. તેમની પાટે આ૦ **વિજયદાનસૂરિ થયા** (શ્લોક : ૧ થી ૮).

આ૦ વિજયદાનસૂરિની પાટે **આ૦ હીરવિજયસૂરિ** થયા. તે સર્વ શ્વેતાંબર મુનિઓમાં મોટા છે. તેમનું અદ્ભુત મહાત્મ્ય જોઈ લોકો તેમને 'કલિકાલમાં તીર્થંકર સમાન મહિમાવાળા' માને છે (૯–૧૦). તે વિદ્યમાન આ૦ હીરવિજયસૂરિના રાજ્યમાં **મહો૦ ધર્મસાગરગણિ** થયા છે, જે સમસ્ત ''વાચકોમાં વડા'' છે, સર્વશાસ્ત્રોરૂપી સોનાને કસવામાં 'કસોટી' જેવા છે, કુમતિરૂપ હાથીઓના કુંભસ્થલને ભેદવામાં 'સિંહ' સમાન છે. જેમણે દુર્દમવાદીઓને હરાવી જય પ્રાપ્ત કર્યો છે (૧૧–૧૨). તેમણે कल्पसूत्र ઉપર વિશેષ ખુલાસાવાળી किरणावलीवृत्ति રચી છે.

જગતમાં મેરુગિરિ અને જૈનશાસન જ્યાં સુધી વર્તે છે ત્યાં સુધી ઉત્તમ પુરુષો વડે વંચાતી આ कल्प-किरणावलि જયવંતી રહો (૧૩–૧૪).

આશુકવિ **પં૦ હેમવિજયગણિ** લખે છે કે – અમદાવાદમાં સંઘપતિ સહજમલ (સહજપાલ) હતો. તેને સતીશિરોમણિ **મંગા** (મંગુ) નામે પત્ની હતી અને **કુંઅરજી** નામે પુત્ર હતો. કુંઅરજીએ શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. તેણે શત્રુંજય તીર્થ ઉપર પગથિયાંવાળો **અષ્ટાપદતીર્થ પ્રાસાદ** બંધાવ્યો. તાલધ્વજ અને ગિરનાર તીર્થમાં જીર્ણોદ્ધાર કરાવ્યો. તેણે, તેની સ્ત્રી પદ્મા અને પુત્ર વિમલદાસે આ ➧➧

ગ્રં. ૧૨૦૫, આ૦ હીરવિજયસૂરિએ ગીતાર્થો પાસે તપાસ કરાવી તેનું 'પ્રવચનપરીક્ષા' નામ રાખ્યું.■

૬. 'ઈર્યાપથિકીષટ્ત્રિંશિકા–સ્વોપજ્ઞ વૃત્તિ', સં. ૧૬૨૯માં.

૭. 'જંબુદ્વીવપણ્ણત્તિટીકા', સં. ૧૬૩૯માં.

૮. 'પર્યુષણાશતક (શ્લો. ૧૦૦) સ્વોપજ્ઞ વૃત્તિ', સં. ૧૬૪૭માં.

૯. 'તપાગચ્છ પટ્ટાવલી સૂત્ર (પ્રા. ગાથા–૨૧) સ્વોપજ્ઞ વૃત્તિ', સં. ૧૬૪૮ ચૈત્ર વદ ૬ ને શુક્રવારે અમદાવાદમાં.

૧૦. 'સર્વજ્ઞશતક (પ્રા. ગાથા–૧૨૩) સ્વોપજ્ઞ વૃત્તિ', સં. ૧૬૫૦.

૧૧. 'વર્ધમાન વિજ્ઞપ્તિ દ્વાત્રિંશિકા'.

૧૨. 'નયચક્ર–વૃત્તિ સહિત'.

૧૩. 'ષોડશશ્લોકી વૃત્તિ'. ૧૪. 'ગુરુ તત્ત્વપ્રદીપ' વગેરે વગેરે.

(ગુરુતત્ત્વવ્યવસ્થાપનવાદસ્થલ, ગ્રંથાર્થ : ૪૦૦)

**૧. મહો૦ ધર્મસાગરગણિની શિષ્યપરંપરા –**

૫૬. મહો૦ ધર્મસાગર ગણિવર.

૫૭. **ઉપા૦ વિમલસાગરગણિ** – મહો૦ ધર્મસાગર ગણિવર સં. ૧૬૧૬માં મેડતામાં ચાતુર્માસ રહ્યા ત્યારે તે તેમની સાથે હતા. તે દીક્ષામાં મહો૦ લબ્ધિસાગરગણિથી મોટા હતા, પણ ઉપાધ્યાય તરીકે તેમનાથી નાના હતા. મહોપાધ્યાયજીએ તેમને ઉપા૦ ધનરાજગણિની પાછળ પાટણ મોકલ્યા. મહો૦ લબ્ધિસાગરગણિના સ્વર્ગગમન પછી સં. ૧૬૫૫માં તેમને ઉપાધ્યાય બનાવ્યા.

૫૮. **ઉપા૦ પદ્મસાગરગણિ** – મહો૦ ધર્મસાગર ગણિવરે તેમને સં. ૧૬૧૬માં જાલોરમાં દીક્ષા આપી. તે પ્રખર વિદ્વાન, મોટા વાદી, શીઘ્રકવિ અને **હાજર જવાબી** શક્તિવાળા હતા.

જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિએ સં. ૧૬૨૮ના ફાગણ સુદિ ૭ ને સોમવારે અમદાવાદના અહમદપરામાં મૂલા શાહ શેઠના ઉત્સવમાં આ૦ **વિજયસેનસૂરિને**

---

➧➧ कल्प किरणावलिની સેંકડો **પ્રતિઓ** લખાવી (૧૫થી ૨૪).

(પ્રક. ૪૫, પૃ. ૯૮; રાધનપુરના ખજૂરી શેરીના ગ્રંથભંડારની 'કલ્પકિરણાવલી'ની પ્રશસ્તિ)

■ कुवकखकोसिय सवस्सकिरण हीरविजयसूरीश्वर दत्त 'पवयणपरिकखा' नाम ।

इति श्रीमत्तपागणनभोगणि श्रीहीरविजयसूरीश्वर 'शिष्योपाध्याय श्रीधर्मसागरगणि' विरचिते स्वोपज्ञ कुपक्षकौशिकसहस्रकिरणे श्रीहीरविजयसूरिदत्तप्रवचनपरीक्षा नाम्नि प्रकरणे पासचन्द्रमतनिराकरणनामैकादश विश्रामः समाप्तः । समाप्ता च प्रवचनपरीक्षा ॥